# Sharing songs & rhymes

**Babies love songs and rhymes, especially hearing the sound of your voice. And they're a great way to help your child's talking and listening skills.**

- Your voice is your baby's favourite music so sing to her, even if you don't think you sound great. Your baby won't judge you.
- Turn off the TV or radio so your child can hear your voice.
- You don't have to sing 'baby' songs – it can be the latest chart music. If you like the song, your baby will enjoy it too.
- Don't worry if you don't know any nursery rhymes. Sing the songs you do know and visit the library to borrow rhyming books or tapes.
- Look at your baby as you sing or chant and see how he reacts to different parts of the rhyme. Can you see his fingers wriggle?
- Young children learn best through play, so make songs and rhymes fun. Change the sound of your voice, make up some actions, or add your child's name or the names of family and friends.
- When your baby is tired or upset try singing a favourite song, slowly and quietly, to comfort her.
- When your baby or toddler joins in, show that you've noticed by giving lots of encouragement.
- Even if your toddler is just beginning to talk, listen to his reaction to the song or rhyme.

# ગીતો અને કાવ્યો ગાઈને સંભળાવવા

**બાળકોને ગીતો અને જોડકણાંઓ/કાવ્યો સાંભળવા ગમે છે, ખાસ કરીને તેને તમારો અવાજ સાંભળવો ખૂબ ગમે છે. અને તે તમારા બાળકને સારી રીતે બોલવાનું અને સાંભળવાનું શીખવામાં ખૂબ મદદરૂપ થાય છે.**

- તમારો અવાજ તમારા બાળક માટેનું પ્રિય સંગીત છે એટલે તમે બહુ સારું ગાઈ નથી શકતાં એવું તમને લાગતું હોય તો પણ તેને ગાઈને સંભળાવશો, ચિંતા નહીં કરતાં. તમારું બાળક તમારા ગીત વિશે કોઈ નિર્ણય નહીં આપે.
- ટીવી અને રેડીયો બંધ કરો જેથી તમારું બાળક તમારો અવાજ સાંભળી શકે.
- તમારે 'બાળકો માટેનાં' જ ગીતો ગાવા જરૂરી નથી - એ કોઈ છેલ્લામાં છેલ્લું આર્ટ મ્યુઝિક પણ હોઈ શકે છે. જો તમને ગીત ગમતું હશે તો તે તમારા બાળકને પણ ગમશે.
- જો તમને કોઈ નર્સરી રાઈમ્સ ન આવડતી હોય તો ચિંતા નહીં કરતાં. તમારે તમને ખબર હોય તેવાં ગીતો ગાવા અને કાવ્યોની ચોપડીઓ અથવા ટેઈપ લાઈબ્રેરીમાંથી લાવીને નવું શીખવું.
- તમે જ્યારે કવિતા ગાતા હોય ત્યારે તે કવિતાનાં જુદાં જુદાં ભાગમાં કેવું વર્તન કરે છે તે તમે જુઓ. તે પોતાનાં આંગળાઓ કેવી રીતે વાળે છે તે તમે જોઈ શકો છો.
- તમારા નાનાં બાળકો રમતો દ્વારા સૌથી સારી રીતે શીખી શકે છે એટલે તેને રમતાં રમતાં ગીતો અને કાવ્યો શીખવો. તમારો અવાજ થોડો બદલો અથવા થોડોક અભિનય પણ કરો અથવા તમારા બાળકનું નામ અથવા તમારા પરિવાર અને મિત્રોનાં નામ પણ તેમાં ઉમેરો.
- જ્યારે તમારું બાળક થાક્યું હોય અથવા તે ઉદાસ હોય ત્યારે તેને ગમતું ગીત ધીમેથી અને શાંતિથી સંભળાવીને તેને શાંત કરો.
- જ્યારે તમારું બાળક અથવા ટોડલર તમારી સાથે ગીત ગાવામાં સાથ આપે ત્યારે તમે તેને ખૂબ પ્રોત્સાહિત કરીને તેનાં પર તમે બરાબર ધ્યાન આપ્યું છે તે પણ તેને બતાવો.
- જો તમારું બાળક હમણાં હમણાં જ બોલતાં શીખ્યું હોય તો ગીત અથવા કવિતામાં તે કેવું ગાય છે તે ધ્યાનથી સાંભળો.



© Posy Simmonds

National Literacy Trust

Talk To Your Baby